# કડવા પટેલ સમાજ ઓફ નોર્થ અમેરિકા

www.kpsna.org

KPSNA
Kadwa Patel Samaj Of North America
Bringing Community Together

## નિમંત્રણ

**આત્મીય કડવા પટેલ સમાજ ઓફ નોર્થ અમેરિકા (KPSNA) ના વડીલ સભ્યશ્રીઓ,**


Bhanji Kundaria
President
(805) 473-0142
Arroyo Grande, CA

Parag Bhalani
Vice President
(410) 489-0578
Columbia, MD

Kiran Ghodasara
Secretary
(732) 761-9829
Marlboro, NJ

Manu Dadhania
Treasurer
(856) 751-8117
Voorhees, NJ

Bhagubhai Bathani
Member
(630) 427-1533
Woodridge, IL

Manusukh Kothadia
Member
(704) 892-9921
Cornelius, NC

Asit Vijapura
Member
(813) 932-7292
Tampa, FL

Sanjay Kalawadia
Member
(860) 635-3616
Middletown, CT

Mona Dalsania
Member
(610) 395-4976
Allentown, PA

Jaman Kothadia
Past-President
(704) 362-3007
Charlotte, NC


આપને જણાવતાં આનંદ થાય છે કે, KPSNAએ ખાસ આપના માટે તા. ૧૬મી જાન્યુઆરી થી તા.૧૯મી જાન્યુઆરી, ૨૦૦૯ દરમ્યાન વર્જીનીયા બીચ ખાતે KPSNAના પ્રથમ સીનીયર સીટીઝન કન્વેન્શનનું આયોજન કરેલ છે. આ સંમેલનનો હેતુ આપણાં સમાજના તમામ વડીલો એકબીજાને મળી એમના વિચારોનું આદાન–પ્રદાન અને યુ.એસ.એ માં તેમને નડી સમસ્યાઓની ચર્ચા કરવાની તક પૂરી પાડવાનો છે. આ સંમેલન માં વડીલોને આરોગ્ય, સામાજિક, આર્થિક અને નાગરિકોની ફરજો અંગે માહિતગાર પણ કરાશે. સમાજના ૬૦ વર્ષથી વધુ ઉંમરના સીનીયર સભ્યોને આ કન્વેન્શનમાં ઉપસ્થિત રહેવા ખાસ નિમંત્રણ છે.

કન્વેન્શન શુક્રવાર તા.૧૬મી જાન્યુઆરી બપોર બાદ શરૂ થશે અને સોમવાર તા.૧૯મી જાન્યુઆરી, ૨૦૦૯ ના રોજ સંપન્ન થશે. આ કન્વેશન સફસાઈડ ઈન એન્ડ શ્યુટ ૧૨૧૧ એટલાંટીક એવન્યુ, વર્જીનીયા બીચ, વી.એ. ૨૩૪૫૧ ખાતે યોજાશે. તેમની વેબસાઈટ www.virginiabeachsurfside.com છે. કન્વેન્શન માટેની આ સુંદર સુવિધાઓ શ્રી અશ્વિન અને સુશ્રી અંજના જાવીયા પરિવારના સૌજન્યથી કરવામાં આવેલ છે. કન્વેન્શનમાં નજીકના હિન્દુ મંદિરોની મુલાકાત, વૈવિધ્યસભર સાંસ્કૃતિક કાર્યક્રમો, ધાર્મિક વ્યાખ્યાનો, સમૂહ બેઠકો અને આરોગ્ય તપાસણી જેવી વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવેલ છે. આ તબકકે તમામ સદસ્યશ્રીઓને કોઈપણ આકસ્મિક તબીબી ઈમરજન્સી માટે પોતાના સંપૂર્ણ મેડિકલ રેકર્ડ અને ઈન્સ્યુરન્સ કાર્ડ સાથે રાખવા ભલામણ કરવામાં આવે છે. કાર્યક્રમની રૂપરેખા નામ નોંધણી પૂર્ણ થયે આખરી કરવામાં આવશે.

વર્જીનીયા બીચથી નજીકનું એરપોર્ટ Norfolk છે. વર્જીનીયા બીચ ન્યુયોર્કથી ૩૫૦ માઈલ, એડીસનથી ૩૦૦ માઈલ, ફીલાડેલ્ફીયાથી ૨૫૦ માઈલ, શારલોટથી ૩૫૦ માઈલ, શિકાગોથી ૮૮૦ માઈલ અને એટલાન્ટાથી ૫૭૦ માઈલ દુર છે. વડીલોના આવવા–જવાની વ્યવસ્થા KPSNA ના સ્થાનિક ચેપ્ટર અને આગેવાનો ઘ્વારા આયોજન થશે. ટ્રાન્સપોર્ટેશન માટે કોઈ વ્યવસ્થાની જરૂર હોય તો તેમનો સીધો સંપર્ક કરવા વિનંતી છે.

આપ આ કન્વેન્શનમાં ઉપસ્થિત રહેવા ઈચ્છા ધરાવતા હોય તો આ સાથે બીડેલ ફોર્મમાં જરૂરી વિગતો ભરીને શ્રી મનુ ડઢાણીયા, 34 Callison Lane, Voorhees, NJ 08043 ને તા. ૧લી જાન્યુઆરી,૨૦૦૯ સુધીમાં પહોંચતી કરવા વિનંતી છે. કન્વેન્શનના ખર્ચને પહોચી વળવા માટે પ્રતિ વ્યકિત દીઠ ૧૫૦ ડોલર સ્વૈચ્છિક નોંધણી યોગદાન રાખવામાં આવેલ છે. આ માટે ચેક "KPSNA" ના નામનો લખવા વિનંતી છે. જો આપ કન્વેન્શનમાં ઉપસ્થિત રહેવા ઈચ્છતા હો અને રજિસ્ટ્રેશન ફી પરવડી શકે તેમ ના હોય તો તુરંત કમિટી મેમ્બરનો સંપર્ક સાધવા વિનંતી છે. અત્યંત અસાધારણ સંજોગો સિવાય સ્થળ પર નોંધણી કરવામાં આવશે નહિ. નોંધણી કરાવેલ વ્યકિતને જ કન્વેન્શનમાં ઉપસ્થિત રહેવા પરવાનગી આપવામાં આવશે. તા.૧૦મી જાન્યુઆરી,૨૦૦૯ પહેલા નોંધણી રદ કરાવવાની કિસ્સામાં પૂરેપુરી નોંધણી ફી પરત કરવામાં આવશે. આ કન્વેન્શન સંપૂર્ણપણે સફળ થાય તે માટે આપની નોંધણી સમયસર કરાવવા વિનંતી છે.

આ નિમંત્રણ અને નોંધણી ફોર્મની નકલ આપના પરિચયમાં હોય તેવા વડીલોને મોકલવા પણ વિનંતી છે. કન્વેન્શન અંગેની કોઈપણ જાતની માહિતી માટે કોઈપણ કમિટી મેમ્બરનો ટેલીફોનિક સંપર્ક કરી શકાશે. આ પત્ર અને નોંધણી ફોર્મ આપણી વેબસાઈટ www.kpsna.org ઉપર પણ ઉપલબ્ધ છે.

ચાલો... ત્યારે કન્વેન્શનમાં ચોકકસ મળીશું.

**કડવા પટેલ સમાજ ઓફ નોર્થ અમેરિકા કમિટી**

# કડવા પટેલ સમાજ ઓફ નોર્થ અમેરિકા

**www.kpsna.org**

KPSNA
Kadwa Patel Samaj Of North America
Bringing Community Together

## સીનીયર સીટીઝન કન્વેન્શન રજિસ્ટ્રેશન

**જાન્યુઆરી ૧૬ થી ૧૯ , ૨૦૦૯ વર્જીનીયા બીચ, વર્જીનીયા**

### યુ.એસ.એ. / કેનેડાની અંગત માહિતી

પૂરૂં નામ ______________________________
*સરનેમ (અટક)* *પોતાનું નામ* *પતિ/પિતાનું નામ*

જીવનસાથીનું નામ : ______________________________
*સરનેમ (અટક)* *પોતાનું નામ* *પતિ/પિતાનું નામ*

C/O નામ ______________________________
*સરનેમ (અટક)* *પોતાનું નામ* *પતિ/પિતાનું નામ*

સરનામું : ______________________________
*શેરી* *એપાર્ટમેન્ટ/યુનિટ*

______________________________
શહેર રાજ્ય *ZIP Code*

ફોન નં. (નિવાસ) (      ) __________ મોબાઈલ નંબર: (      ) __________

ઈ–મેઈલ એડ્રેસ ______________________________

જીવનસાથી ભાગ લેનાર છે ( હા / ના ) ______________________________

### સ્પેશ્યલ ડાયેટ, વ્યવસ્થા અન્ય કોઈ જરૂરીયાત

ડાયેટની જરૂરીયાત __________ વિશેષ જરૂરીયાત __________

### યુ.એસ. એ. અને કેનેડામાં તાત્કાલિક સંપર્ક માટે માહિતી

પૂરૂ નામ ______________________________
*સરનેમ (અટક)* *પોતાનું નામ* *પતિ/પિતાનું નામ* *સંબંધ*

સરનામું ______________________________
*શેરી* *એપાર્ટમેન્ટ/યુનિટ*

______________________________
શહેર રાજ્ય *ZIP Code*

પ્રાથમિક ફોન નંબર: (      ) __________ મોબાઈલ નંબર: (      ) __________

### ૧૫૦ ડોલર પ્રતિ વ્યકિત સ્વૈચ્છિક રજિસ્ટ્રેશન નોંધણી યોગદાન આવકાર્ય છે.

ભાગ લેનાર વ્યકિતની સંખ્યા __________ ચેક નંબર: __________

બીડેલ રકમ __________ નોંધ __________

**મહેરબાની કરીને ચેક "KPSNA" ના નામે લખવો**

### સહી અને તારીખ

આથી હું આ સાથે સીનીયર સીટીઝન્સ કન્વેન્શન–૦૯ મા ભાગ લેવા દરમ્યાન બેદરકારીથી થનાર સહિતની કોઈપણ ઈજા કે નુકસાની થાય તો તે અંગે અંશતઃ તમામ જવાબદારીમાંથી કેપીએસએનના સદસ્ય મંડળ, વ્યવસ્થાપક મંડળ અને તમામ પેટા સમિતિઓ કે જયાં હુ ભાગ કે સ્વૈચ્છિક સેવા આપું છુ અને તમામ પ્રવૃત્તિના સ્પોન્સર્સ અને સુપરવાઈઝરની જવાબદારી રહેશે નહીં જેની બાહેંધરી આપું છું. હું પ્રમાણિત કરૂ છું કે, મારૂ સ્વાસ્થય સારૂ છે. હું કેપીએસએનએએ જણાવેલ કાર્યક્રમની પ્રવૃત્તિમાં ભાગ લેવા સક્ષમ છું. હું પ્રમાણિત કરૂં છું કે હું ૧૮ વર્ષ કે તેથી વધુ વય ધરાવું છું અને ઉપર મુજબનો કરાર કરવા માટે સક્ષમ છું. મે નીચે સહી કરતા પહેલાં આ સાથે આગળની નોંધ/સૂચનાઓ વાંચેલ છે અને તેની વિગતો હું સંપૂર્ણપણે સમજેલ છું.

સહી : __________ તારીખ __________

આ ફોર્મ **KPSNA** ના આપના પરિચિત અન્ય વડીલોને પહોંચાડવા માટે વિનંતી છે.
આ ફોર્મ **KPSNA** વેબસાઈટ www.kpsna.org ઉપર પણ ઉપલબ્ધ છે.